# 24. ઘોડીની સ્વામીભક્તિ

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો :

1) આંબા પટેલની ઘોડીની ચાલ કેવી હતી?

(A) ખદક

(B) રેવાળ

(C) ઉભકડ

(D) ઠેકતી

2) 'ઢેલ જેવી જાતવાન ઘોડી રાંગમાં રમતી હોય પછી ચંત્યા શાની?' આ વાક્ય કોણ બોલે છે?

(A) ગામ લોકો

(B) મામા

(C) ગણેશની બા

(D) આંબા પટેલ

2. એક-એક વાક્યમાં ઉત્તર આપો:

1) 'પટલાણીની દીકરી થૈ ને મને મોળું ઓહાણ આલો છો?' આ વાત આંબા પટેલ કોને કહે છે?

- 'પટલાણીની દીકરી થૈ ને મને મોળું ઓહાણ આલો છો?' આ વાત આંબા પટેલ પોતાની પત્નીને કહે છે.

2) 'શેત્રુંજી જેવી સાત નાદિયું આડી ચ્યમ નથી પડી?'- આ વાક્ય કોણ બોલે છે?

- 'શેત્રુંજી જેવી સાત નાદિયું આડી ચ્યમ નથી પડી?'- આ વાક્ય આંબા પટેલ બોલે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

1) આંબા પટેલને મણાર શા માટે જવું પડ્યું?

- આંબા પટેલના મામાએ માણસ મોલકીને સંદેશો કહેડાવ્યો હતો કે, "ભાણેજને માલૂમ થાય કે જે કામ કરતા હોય તે પડતા મૂકીને મણાર આવીને રોટલા શિરાવજો." મામાનો આ સંદેશો સાંભળીને આંબા પટેલને મણાર જવું પડ્યું.

2) પૂરમાં ડૂબતા આંબા પટેલને કેવી રીતે જીવતદાન મળ્યું?

- શેત્રુંજી નદીમાં એક કાંઠાએથી ખાબકીને સમા કાંઠા સુધી પહોંચેલી ઢેલ ઘોડીએ જાણ્યું કે તેની પીઠ પર આંબા પટેલ નથી, એટલે તે નસકોરાં ફુલાવતી પૂરમાં ડૂબતા આંબા પટેલને શોધવા નીકળી. સડસડાટ કરતી આંબા પટેલ સુધી પહોંચી. ઘોડીને જોતાં જ આંબા પટેલ તેના ગળે વળગી પડ્યા અને ચતુર ઘોડી આંબા પટેલને લઈ પાણીના વહેણમાં ફંગોળાતી મહામુસીબતે કાંઠે આવી. આ રીતે ઢેલ ઘોડીને કારણે પૂરમાં ડૂબતાં આંબા પટેલને જીવનદાન મળ્યું.

4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો.

1) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

- 'ઘોડીની સ્વામિભક્તિ' લોકકથામાં ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાનીનું હૃદયસ્પર્શી આલેખન થયું છે. આંબા પટેલ ઢેલ ઘોડી પર સવાર થઈને મામાના ગામ મણારથી પોતાને ઘરે જવા ઉપડ્યા. ચોમાસાના દિવસો હતા. વરસાદને કારણે શેત્રુંજી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. આંબા પટેલ શેત્રુંજી નદી ઓળંગીને સામે પાર કેમ જવું એની વિમાસણમાં હતા. મામાને ત્યાં પાછા જવાય તેમ નહોતું અને ઘરે પહોંચવું જરૂરી છે એમ વિચારીને આંબા પટેલે કેડ્ય બાંધીને ઘોડીને એડી મારી અને ઘોડી છલાંગ મારી શેત્રુંજી નદીમાં ખાબકી; પરંતુ નદીમાં પાણીનું વહેણ પુષ્કળ હતું. ઢેલ ઘોડી તો જેમતેમ કરીને કાંઠા સુધી પહોંચી ગઈ, પણ ઘોડીને જાણ થઈ કે તેનો માલિક પાણીમાં રહી ગયો છે એટલે ઘોડી નસકોરાં ફુલાવતી સહેજ પણ રોકાયા વિના પાણીમાં ખાબકીને ધણીને શોધવા નીકળી. તે વખતે પાણીમાં તણાઈ રહેલા આંબા પટેલની તરવામાં એક પણ કાહરી ફાવતી નહોતી. તેમનામાં હિંમત રહી નહોતી. ત્યાં તો સડસડાટ કરતી ઘોડી આંબા પટેલની નજીક પહોંચી. ઘોડીને જોતાં જ આંબા પટેલમાં હિંમત આવી અને સઘળી તાકાત એકઠી કરીને ઘોડીને વળગી પડ્યા. ચતુર ઘોડીએ પાણીમાં પંથ કાપવા માંડ્યો. પાણીમાં ફંગોળાતી ફંગોળાતી ઘોડી મહામુસીબતે નદીના કાંઠે આવી. આમ,જાતવાન ઘોડીએ પોતાના ધણીનો જીવ બચાવ્યો. ઢેલ ઘોડી જાતવાન હતી. ઘોડીએ સંકટ સમયે પોતાના ધણીને બચાવીને તેના પ્રત્યેની વફાદારી અને ખાનદાની દર્શાવી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in